**Gujarat Today**

**Edition:** Ahmedabad | **Date:** July 01, 2009 | **Page No:** 04 | **Category:** Krishna Hospital

### ક્રિષ્ના હાર્ટ ઈન્સ્ટી.ના ડો. મહેતાની નવી ટેકનિક

# 'ની રિપ્લેસમેન્ટ' સર્જરી પછી ફિઝીયોથેરાપીની જરૂર નહી રહે



ડૉ. ચોકસી



ડૉ. મહેતા

અમદાવાદ,તા. ૩૦

ચંદ્રા ની કિલનીકના ચીફ 'ની રિપ્લેસમેન્ટ' સર્જન અને ક્રિષ્ના હાર્ટ એન્ડ સુપર સ્પેશ્યાલીસ્ટી ઈન્સ્ટીટયુટના જોઈન્ટ રિપ્લેસમેન્ટ ડીપાર્ટમેન્ટના હેડ ડો. કે.સી. મહેતા દ્વારા ની રિપ્લેસમેન્ટ સર્જરીની એક નવી ટેકનિક વિકસાવવામાં આવી છે જેમાં દર્દીએ ફીઝીયોથેરાપી કરાવવાની જરૂર રહેતી નથી. ડો. કે.સી. મહેતાએ સફળતાપૂર્વક આ નવી ટેકનિકનો ઉપયોગ કરીને ૨૫૦થી વધુ દર્દીઓની રિપ્લેસમેન્ટ સર્જરી કરી છે. ડો.અનિમીષ ચોકસી, મેનેજીંગ ડિરેકટર, ક્રિષ્ના હાર્ટ એન્ડ સુપર સ્પેશ્યાલિટી ઈન્સ્ટીટયુટ અમદાવાદના જણાવ્યા અનુસાર ક્રિષ્ના નવતર પ્રકારની ડાયાગ્નોસ્ટીક અને ટ્રીટમેન્ટ પ્રોસીજરનો ઈતિહાસ ધરાવે છેતથા હોસ્પિટલમાં કાર્ડીયોલોજી, જોઈન્ટ રિપ્લેસમેન્ટ તથા અન્ય તબીબી ક્ષેત્રોમાં વિસ્તૃત કામગીરી થઈ છે. ની રીપ્લેસમેન્ટ સર્જરીની આ નવી ટેકનીક અમે શ્રેષ્ઠ હેલ્થ કેર અને મેડિકલ સર્વિસીસ આપવા સતત પ્રયત્નશીલ છીએ તેનું ઉદાહરણ છે.ડો. કે.સી. મહેતાએ વિકસાવેલી અજોડ ટેકનિકમાં એક નાનો કાપો મુકવામાં આવે છે. દર્દી વાસ્તવમાં બીજા દિવસથી જ વોકરની મદદથી ચાલતો થઈ જાય છે અને દર્દીને શસ્ત્રક્રિયાના ૩થી ૪ દિવસમાં રજા આપી દેવામાં આવે છે. આશરે ૯૫ ટકાથી વધુ દર્દીઓને શસ્ત્રક્રિયા પછી ઢીંચણના સારા હલનચલન માટે કે ચાલવા માટે ફિઝીયોથેરાપીસ્ટની મદદની જરૂર રહેતી નથી અને તે રોજબરોજની દૈનિક કામગીરી કરી શકે છે.